जाहिर समन्स

नि. ११०

ॲड. निशा भि. चाळसे. धुळे

धुळे येथील मे. दिवाणी न्यायादीश व. स्तर सो. यांचे कोर्टात

स्पे.मु.नं. १४१/२०२५

जितेंद्र अशोक महाजन (माळी)...... वादी

वि.

हिलाल नागो माळी, वगैरे ...... प्रतिवादी

ज्याकामी उपरोक्त वादी यांनी हिलाल नागो माळी वगैरे, यांचे विरुध्द विशेष दिवाणी दावा क्र. १४१/२०२५ दाखल केलेला असुन त्यात प्रतिवादी नं. ८) मोहन मालजी महाजन (माळी) रा. मधुराम सर्कल, डिंडोली, खरवासा रोड, सुरत-गुजरात, प्रतिवादी नं. ९) प्रमिला गुलाब माळी रा. शिवशक्ती डाबर रोड नाका, बारडोली, गुजरात, प्रतिवादी नं. ११) भटाबाई नामदेव सोनवणे (माळी) रा. रामीपाई डिंडोली, सुरत-गुजरात, प्रतिवादी नं. १३ रविंद्र उर्फ अनिल वेडु महाजन (माळी) रा. चैतन्य नगर, गंगापूर रोड, जि. नाशिक, प्रतिवादी नं. १४) इंदिरा रमेश अहिरे (माळी) रा.स.नं. ६०/३ सी, तप्ती निवास गुरुकृपा कॉलनी, कोंढाणा, पुणे, प्रतिवादी नं. १५) संगिता राजेश खैरणार (माळी) रा. शास्त्री नगर, इंदिरा नगर, जॉगींग ट्रेकजवळ, नाशिक जि, नाशिक यांना अद्याप समन्सची बजावणी झालेली नाही.

त्याअर्थी या जाहिर नोटीसीने कळविण्यात येते की, सदर विशेष दिवाणी दावा क्र. १४१/२०२५ चे कामी सदर प्रतिवादी नं. ८, ९, व ११, १३ ते १५ यांनी स्वत: अगर त्यांच्या वकिलामार्फत दिनांक १०/०३/२०२६ रोजी धुळे येथील मे. दिवाणी न्यायाधीश सो. वरिष्ठ स्तर यांचे कोर्टात सकाळी ठीक १०:३० वाजता हजर रहावे व येणेप्रमाणे हजर न राहिल्यास सदर प्रतिवादी नं. ८,९, व ११, १३ ते १५ यांच्याविरुद्ध सदर दिवाणी दाव्याचेकामी एकतर्फा चौकशी करण्यात येईल याची नोंद ध्यावी. कळावे.

सदर जाहीर नोटीस मे. कोर्टाचे सही शिक्यानिशी प्रसिद्धिस दिली असे.

क्लर्क — दिवाणी न्यायाधिश सो.व.स्तर, धुळे

अधिक्षक — दिवाणी न्यायाधिश सो.व.स्तर, धुळे

શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ

રજી. નં.ઈ/૨૯૫૪/સુરત. તા. ૮-૧૧-૧૯૯૦

''ગોવિંદજી હોલ'', ગુલાબવાડી, ડભોલી રોડ, સુરત.
ફોન : 0261-2523124

ટેન્ડર નોટીસ

શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ, ''ગોવિંદજી હોલ'' ડભોલી રોડ, સુરત તરફથી **હાલના તેમનાં પહેલા માળના રીનોવેશનના** કામસર નીચેના કામે માટે અનુભવી, જાણકાર અને નિષ્ણાંત એજન્સી પાસે ભાવો મંગાવવામાં આવે છે.

(૧) સ્ટ્રકચરલ સ્ટીલ સેકશન - એમ.એસ.પાઈપ, એન્ગલ, પટ્ટી, પ્લેટ, ચેનલ, ગર્ડર વિગેરે સપ્લાય અને સ્ટ્રકચરલ એન્જીનીયરની ડિઝાઈન અને સુચના મુજબ જે તે પોઝીશનમાં મુકી ઈન્સ્ટોલેશન સાથે.

(૨) એનોડાઈઝ એલ્યુમિનિયમ વિવિધ સાઈઝના સેકશન, ગ્લાસ વિગેરે, પ્રોજેકટ કન્સલટન્ટ એન્જીનીયરની ડિઝાઈન અને સુચના મુજબ જે તે પોઝીશનમાં પાર્ટીશન, બારી તથા દરવાજા સુધી સપ્લાય અને ઈન્સ્ટોલેશન સાથે.

ટેન્ડર **તા.૦૨/૦૩/૨૦૨૬ (સોમવાર) થી મેળવી તા.૧૦/૦૩/૨૦૨૬ (મંગળવાર)** સુધીમાં જમા કરાવવાના રહેશે.

સ્થળ વિઝીટ કામકાજના દિવસ દરમ્યાન.
સમય સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ અને બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાક

તા.૦૧/૦૩/૨૦૨૬

અશ્વીનભાઈ ટી. પટેલ
સેક્રેટરી

શ્રી સી.કે.જોષી, ઇ/ચા. સંયુક્ત ચેરિટી કમિશ્નરશ્રી, સુરત વિભાગ, સુરત સમક્ષ

સંયુકત ચેરિટી કમિશ્નરશ્રીની કચેરી, એ-બ્લોક, ૪થો માળ, બહુમાળી ભવન, નાનપુરા, સુરત- ૩૯૫૦૦૧

ધી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એકટ- ૧૯૫૦ ની કલમ-૫૦(એ) અન્વયે.

સ્કીમ અરજી નંબર : ૫૯/૨૦૨૪

ટ્રસ્ટનું નામ અને નોંધણી નંબર : બૌધાન સાર્વજનિક કેળવણી મંડળ, ઈ/૨૪૮/સુરત
ટ્રસ્ટનું સરનામું : બૌધાન સાર્વજનિક કેળવણી મંડળ, બૌધાન, તા. માંડવી, જી. સુરત
અરજદારો : શ્રી તુષાર હરીશકુમાર શાહ વિગેરે
રહે. મારવાડી બઝાર, બૌધન, તા. માંડવી, જી. સુરત -૩૯૪૧૪૦

વિરૂધ્ધ

સામાવાળા : કોઈ નથી

જાહેર નોટીસ

ઉપર જણાવેલ અરજદારોએ સુરત વિભાગના સંયુકત ચેરીટી કમિશ્નરશ્રી સમક્ષ ધી ગુજરાત સાર્વજનિક પબ્લિક ટ્રસ્ટ એકટ,૧૯૫૦ કલમ-૫૦(એ)(૧) અન્વયે અરજી રજૂ કરી ટ્રસ્ટની યોગ્ય વ્યવસ્થા, વહીવટ તેમજ સરળ સંચાલન માટે યોજના(સ્કીમ) ઘડી આપવા દાદ માંગેલ છે.

આથી સદરહું ટ્રસ્ટમાં હિત ધરાવનાર તમામને ખબર આપવામાં આવે છે કે,
(૧) સદરહું ટ્રસ્ટની સ્કીમ ઘડવી કે કેમ?
(૨) સ્કીમ ઘડવી તો કેવી ઘડવી ?

તે બાબતે જે કોઇ હિતાધિકારીને વાંધો હોય કે સૂચનો હોય તો તે બાબતે પોતાની લેખિત રજૂઆત આધાર પુરાવા, સોગંદનામા સાથે સદર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી તા:. ૨૭/૦૩/૨૦૨૬ સુધીમાં ઉપર જણાવેલ સરનામે, આ કચેરીમાં જાતે અથવા તો વકીલ મારફતે અથવા ટપાલ મારફતે વાંધા/સૂચનો રજૂ કરવાના રહેશે અને તેવા હિતાધિકારીઓ/ વાંધાદારો એ તેઓની રજૂઆતની એક નકલ અરજદારને પણ રજી.પો.એ.ડી.થી મોકલવાની રહેશે. સદર કામની હવે પછીની સુનાવણી **તા.૨/૪/૨૦૨૬** ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે અત્રેની કચેરીમાં ઉપરોકત સરનામે રાખવામાં આવેલ છે. તો સદરહુ તારીખે અને સમયે જાતે કે અધિકૃત પ્રતિનિધિ મારફત રૂબરૂમાં હાજર રહી સુનાવણી કરવાની રહેશે. તો તે દિવસે તમોએ કે માહિતગાર અધિકૃત પ્રતિનિધિ મારફતે રૂબરૂમાં સુનાવણી માટે હાજર રહેવાનું રહેશે. જો તે મુજબ કરવામાં કસુર થશે તો, આ અરજી પરત્વે સંસ્થાના હિતમાં જરૂરી અને યોગ્ય લાગે તેવો કાયદાકિય જોગવાઈઓ હેઠળ હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી અને કચેરીની મુદ્રા હેઠળ આપી.

તૈયાર કરનારઃ (સી.એલ.ગાંગાણી) હિસાબનીશ
મુકાબલ કરનારઃ (એસ.પી.ચૌધરી) અધિક્ષક

સહી- (સી.કે.જોષી)
ઇ/ચા. સંયુકત ચેરીટી કમિશ્નર
સુરત વિભાગ, સુરત

ટાઈટલ ક્લીયર તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવાનું કે ડીસ્ટ્રીક્ટ **સુરત** સબ-ડીસ્ટ્રીક્ટ તાલુકે **ઓલપાડ**નાં મોજે ગામ **ગોલા**નાં **(૧) રે.સ.નં.૧૭૭, ૧૭૮** તથા **૧૮૨ પૈકી**, કે જેનો **બ્લોક નં.૧૦** થી નોંધાયેલ ખેતીની જમીન, કે જેનું કુલ સુમારે ક્ષેત્રફળ **હે.આરે ૩-૫૦-૦૬ ચો.મી. પૈકી ઉત્તર-પશ્ચિમ દિશા તરફની સુમારે ક્ષેત્રફળ હે.આરે ૨-૩૩-૯૧ ચો.મી.** વાળી જુની શરતની ખેડખાતાની ખેતીની જમીન તથા **(૨) રે.સ.નં.૧૮૧ પૈકી, ૧૮૧ પૈકી, ૧૮૨ પૈકી** તથા **૧૮૦ પૈકી**, કે જેનો **બ્લોક નં.૧૧** થી નોંધાયેલ ખેતીની જમીન, કે જેનું કુલ સુમારે ક્ષેત્રફળ **હે.આરે ૧-૯૫-૯૬ ચો.મી. પૈકી ઉત્તર-પશ્ચિમ દિશા તરફની સુમારે ક્ષેત્રફળ હે.આરે ૦-૯૮-૦૯ ચો.મી** વાળી જુની શરતની ખેડખાતાની ખેતીની જમીન. આમ સદરહુ બંને જમીનોનું મળી કુલ સુમારે ક્ષેત્રફળ **હે.આરે ૩-૩૨-૦૦ ચો.મી.** યાને **૩૩,૨૦૦ ચો.મી.** વાળી જુની શરતની ખેડખાતાની ખેતીની જમીનનાં માલીક **(૧) ધરમવીરસિંહ જયદેવસિંહ (૨) વંદનાબેન તે જયદેવસિંહ ઉદયસિંહની વિધવા (૩) મલ્પાબેન જયદેવસિંહ** તથા **(૪) ચંદ્રિકાબેન તે હરીશચંદ્રસિંહ ઉદયસિંહની વિધવાની** સંયુક્ત માલીકી અને પ્રત્યેક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ કરવા માંગે છે. મજકુર જમીનમાં અગર તેના કોઈ ભાગ અંગે ઉપરોક્ત જણાવેલ જમીન માલીકો સિવાય અન્ય કોઈના કોઈપણ અધિકાર, ટાઈટલ, હિત, હિસ્સો, ગીરોનો કોઈ સીધી કે આડક્તરો બોજોનો હક્ક, દાવો, વેચાણ, ભેટ, ટ્રાન્સફર ડીડ, વારસો, ટેનન્સી, સમજુતી, મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેંડિંગ, કોઈ બેંક, સંસ્થા, મંડળી કે ખાનગી-સરકારી સંસ્થાનો બોજો, ચાર્જ, લિયન, સિક્યુરિટી, ઈઝમેન્ટ, પાવર ઓફ એટર્ની, આવવા-જવાના રસ્તાના હક્ક, ઈઝમેન્ટ, એકવીઝીશન નથી કે અન્ય કોઈપણ પ્રકારનાં સાટાખત, બાનાખત, સોદાચિઠ્ઠી કે તબદીલીને લગતા કોઈ લખાણો અન્ય કોઈ ત્રાહીત વ્યક્તિને કરી આપેલ નથી કે કોઈ કૌટુંબીક કે ભાગીદારો/સહમાલીકો/વારસોની તર-તકરાર નથી તેમ જણાવી મજકુર માલીકે સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેવું કંઈપણ રહેલું હોય તો તે સંદર્ભમાં પોતાના લેખિત વાંધાની અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજી પુરાવા સહીત નીચેના સરનામે લેખિત જાણ કરી તેની ખાત્રી આપવી. જો તેમ નહિ કરવામાં આવે તો અમારા અસીલ ઉપરોક્ત જણાવેલ માલીકને વેચાણ અવેજની રકમ ચુકવીને તેમની સાથે વેચાણના વ્યવહારો પુરો કરશે અને ત્યારબાદ આ અંગે કોઈની કોઈ પણ પ્રકારની તકરાર કે હકક દાવો ચાલશે નહિ તે તમામ હકકો છોડી દીધેલા ગણી યાને કોઈનો કોઈપણ જાતનો હકક-હિસ્સો નથી યાને જતો કરેલ છે, તેમ સમજી હમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની લાગતા-વળગતા તમામે યાને જાહેર જનતાએ નોધ લેવી.

તા. ૦૧/૦૩/૨૦૨૬

પરેશ એમ. દિયોરા — મો. ૯૮૭૯૦૧૧૭૧૨
નીતા પી. દિયોરા — મો. ૯૯૦૯૦૩૦૩૦૪
ખરીદનારના એડવોકેટ્સ
ઓફિસ : ૪૦૩/એ ચોથા માળ, ઉત્સવ કોમ્પલેકસ, ચોપાટીની સામે, નાના વરાછા, સુરત.

વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી ડીસ્ટ્રીક્ટ, સબ-ડીસ્ટ્રીક્ટ નવસારી મોજે ગામ : સીગોદના મુકામે આવેલ ખેતી લાયક જમીન જેનો ખાતા નંબર. ૩૮૯, બ્લોક/સર્વે નં. ૩૯૧, કુલ ક્ષેત્રફળ ૧-૮૪-૫૨ હે.આરે.ચો.મી., આકાર રૂા.૧૦.૩૫ પૈસા વાળી ખેતી લાયક જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક અધિકાર સહિતની જમીનના માલિક, મુખત્યાર તથા કબજેદાર મહેશભાઈ છગનભાઈ પટેલ નાઓ ચાલી આવેલ છે. તેઓએ સદરહુ જમીન તેમના માલિકી અને પ્રત્યક્ષ કબજા, ભોગવટાની હોવાનું જણાવી તમામ પ્રકારના બોજાઓથી મુક્ત રીતે અને પ્રત્યક્ષ કબજા સાથે મારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ, બેંક, સંસ્થા, શાહુકારી પેઢી, સોસાયટીનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દર-દાવો હોય તો તેણે આ નોટીસ મળ્યે દિન-૭ માં હમારા નીચે જણાવેલા સરનામે પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. તેમ ન થતાં સદરહુ જમીનમાં તેવો કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થા, શાહુકારી પેઢી, સોસાયટીનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, સંબંધ, દર-દાવો નથી અને હોય તો તે જતો કર્યો છે તે જાણી આ નોટીસની મુદ્દત વિત્યે તેવા કોઈના ક્લેઈમ કે વાંધો નથી અને હોય તો જતાં કર્યા છે તેમ ગણી મારા અસીલ આ વ્યવહાર સંપૂર્ણ કરશે. મારા અસીલ તમામ પ્રકારના કાયદેસરના લખાણો તથા વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તે બાબતે ભવિષ્યમાં કોઈના કોઈપણ જાતના વાંધા કે તર-તકરાર ચાલશે નહી જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

તા. ૦૧/૦૩/૨૦૨૬
ઓફીસ :૧/૩૫૦, પોપટ મહોલ્લા,
નાનપુરા વોર્ડ ઓફીસ પાસે,નાનપુરા,
સુરત-૩૯૫૦૦૧, મો.૯૮૨૫૯-૮૪૦૪૪

અસીલની સુચના અને સંમતિથી
અશોક એસ. રાણા
તે ખરીદનારના એડવોકેટ

-:: વેચાણ અંગેની ટાઈટલ કલીયર જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તા.માંગરોલના મોજે ગામ : **કઠવાડા** ના રે.સર્વે નં.૨૦૩, ૨૦૪, જુનો બ્લોક નં.૨૦૧, **નવા બ્લોક નં. ૨૨૮**, વાળી જુની શરતની ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.૩-૧૦-૫૬ ચો.મી. કે જેનો આકાર રૂા.૨૭-૯૨ પૈસાવાળી ખેતીની જમીનના માલીક **પ્રવિણભાઈ રમણભાઈ તથા બળવંતભાઈ રમણભાઈ** ના નામે ચાલી આવેલ છે. સદર જમીન તેઓ વેચાણ કરવા માંગે છે. જેથી સદરહું જમીનમાં જો કોઈ શખ્સ, પેઢી, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, દરદાવો, બોજો, લાગભાગ, કબજો, વારસદાર વિગેરે હોય તો પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખીતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સદર જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના હકક, હીત, હીસ્સો, દરદાવો, બોજો, લાગભાગ, કબજો, વારસદાર વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે. તેમ સમજી મુદ્દત વિત્યેથી અમારા અસીલ સદર જમીન વેચાણ કરી વેચાણ દસ્તાવેજ કરી આપશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર, દરદાવો યા વાંધા ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : સુરત. તા.૨૮/૨/૨૦૨૬
ઠે. ૨૧, ભવાની શોપીંગ સેન્ટર, માતાવાડી,
લંબે હનુમાન રોડ, સુરત. મો.નં.૭૫૬૭૦ ૩૩૩૬૧

પાર્થકુમાર એ. સાવલીયા
તે વેચનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકા પલસાણા ના મોજે ગામ : નિયોલ, ના રે.સર્વે નંબર : ૩૩૭, બ્લોક નંબર : ૩૮૫, જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૫૨-૬૧ ચો.મી., જેનો ખાતા નં. ૬૦૨, અને આકાર રૂા. ૬.૫૬ ચો.મી. વાળી બીનખેતીની જમીન મિલકત મિલકતના માલીકશ્રી (૧) રાજેન્દ્રસિંહ દિલીપસિંહ સોલંકી, (૨) જ્યોતિબેન રાજેન્દ્રસિંહ સોલંકી, (૩) વિજયસિંહ દિલીપસિંહ સોલંકી, (૪) સંગીતાબેન વિજયસિંહ સોલંકી, (૫) દિલીપસિંહ છત્રસિંહ સોલંકી, (૬) ઈન્દુબેન દિલીપસિંહ સોલંકી, નાઓ પોતે માલીક, મુખત્યાર કબજે ભોગવટેદાર હોવાનું તથા સદરહું મિલકત ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી, શાંત, ખાલી પ્રત્યક્ષ કબજા સહીત તમામ હકકો સાથે અમારા અસીલને વેચાણ આપવા માંગે છે. જે અંગેનાં અમારા અસીલ પાકા દસ્તાવેજો કરી-કરાવી લેનાર છે. સબબ, સદર જમીન મિલકતમાં કોઈનાં કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો કે અધિકાર કે બેંક યા નાંણાંકીય સંસ્થાનું લીયન હોય તો જરૂરી દસ્તાવેજો સાથે નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭(સાત) માં અમારો રૂબરૂ સંપર્ક સાધવો અથવા રજીસ્ટર્ડ એ.ડી.થી નકલો મોકલી આપવી. નોટીસની મુદત વિત્યે કોઈપણ જાતનો વાંધો હરકત નથી તેમજ કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે ઈસમનો કોઈપણ પ્રકારનો હકક,હિત હિસ્સો રાઈટ યા ટાઈટલ ઈન્ટ્રેસ્ટ નથી અને જો હોય તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે. તેમ માની મારા અસીલ સદર મિલકતના પાકા દસ્તાવેજો કરી-કરાવી લેશે, અને પાછળથી કોઈની કોઈપણ પ્રકારે તર-તકરાર, દર દાવો ફરીયાદ ગ્રાહય રહેશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી. જેની લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી. સ્થળ.સુરત. તા. ૦૧/૦૩/૨૦૨૬

ઓફીસ : યુ-૧૦/૧૧, ડાયમંડ વર્લ્ડ,
મીની બજાર, વરાછા રોડ,
સુરત. મો.૮૪૬૯૫ ૬૯૬૬૬

મારી મારફત **પિયુષ બલર**
તે ખરીદનારના એડવોકેટ

::: જાહેર નોટિસ તથા ચેતવણી/ખરીદનારાઓ સાવધાન :::

ડિસ્ટ્રીકટ : સુરત સબડીસ્ટ્રીકટ અડાજણ મોજે ગામ જહાંગીરાબાદ બ્લોક નંબર : ૨૧૭/૧ (સર્વે નંબર : ૩૬,૧૧૧ બીન તબ.અવિ.સ.પ્ર.ગણોતધારા કલમ ૪૩ ન.શ) જેનુ ક્ષેત્રફળ ૪-૯૭-૪૧. ૯૮ ચો.મી,આકાર રૂા.૭૫.૭૦ પૈસાવાળી જમીન સંદર્ભે જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ અડાજણ સબડીસ્ટ્રીકટ મોજે ગામ જહાંગીરાબાદના બ્લોક નંબર : ૨૧૭/૧,રે.સ.નં: ૩૬,જેનુ ક્ષેત્રફળ હે.આરે. ૪-૯૭-૭૭ ચો.મી તથા આકાર રૂા.૭૫.૭૦ પૈસાવાળી ખેતીની જમીન ગ.ધા.કલમ ૪૩ ને આધિન નવી શરતની બીનતબદીલ અવિભાજ્ય સત્તા પ્રકાર હેઠળની મુળ માલીક નામે મર્હુમ મગનભાઈ રામાભાઈ પટેલના કબજા-ભોગવટા વહીવટ હેઠળની ચાલી આવેલી છે.સદરહું મિલ્કતના મુળ માલીક મર્હુમ મગનભાઈ રામાભાઈ પટેલનું અવસાન થતા વારસાઈના હકકપત્રકમાં સીધીલીટીના કાયદેસરના પાંચ વારસદારોના નામો દાખલ કરવામાં આવેલ છે.**(૧) હરજીવનભાઈ મગનભાઈ (૨) હિરાલાલ મગનભાઈ (૩) ચંદુલાલ મગનભાઈ (૪) સવિતાબેન મગનભાઈ (૫) મંજુબેન મગનભાઈ પટેલ**ના નામો હાલના રેવન્યુ રેકર્ડમાં ખેડુત ખાતેદાર તરીકે જમીનની ખાતાવહી ૭×૧૨ તથા ૮-અ ના ઉતારામાં તથા ગ્રામ પંચાયત દફતરે નોંધાયેલ છે.હિન્દુ લો કાયદાના મુજબ તથા હિન્દુ વારસા હકક સુધારા અધિનિયમ ૨૦૦૫ ના અમલ પછી સદરહું મિલ્કતમાં પૈતૃક/પિતાની સ્વપાર્જિત અને વડીલો પાર્જિત મિલ્કતમાં દિકરા-દિકરીનો સમાન હકક-હિસ્સેદાર તરીકે માલીકીપણનો અધિકાર મળેલ છે.સદરહું મિલ્કત સંયુકત માલીકીની પ્રત્યક્ષ કબજો-ભોગવટા-વહીવટ હેઠળ ચાલી આવેલ હોય,હાલના રેવન્યુ રેકર્ડના ખેડુત ખાતેદાર તરીકે જમીનની ખાતાવહી,૭×૧૨,૮-અ ના ઉતારામાં તથા નંબર : ૬ ના હકકપત્રકમાં નામ ધારણકર્તા તરીકે અમારા અસીલ **મંજુબેન તે મગનભાઈ રામાભાઈ પટેલની દીકરી તે મગનભાઈ ભાણાભાઈ પટેલની પત્ની [(પુત્રી) (૧) નિતાબેન મગનભાઈ પટેલ (૨) રેખાબેન મગનભાઈ પટેલ] ૧/૫** પાંચમા ભાગનો વણવહેંચાયેલો લાગ-ભાગ-હકક-હિસ્સો ચાલી આવેલ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી. સદરહું મિલ્કત અંગે ગુજરાત મેટ્રો રેલ પ્રોજેકટ,સુરતના આંતરમાળખાકીય પ્રોજેકટના નિર્માણના રાષ્ટ્રીય જાહેર હેતુ માટે બ્લોક નંબર : ૨૧૭ પૈકી ૩૫.૦૨ ચો.મી વાળી જમીનના કામે એવોર્ડ સંપાદન થતા સદરહું મિલ્કતમાં સીધીલીટીના કાયદેસરના પાંચ વારસદારોના ભાગે પડતા સરખા હિસ્સેદાર તરીકે રકમની ચુકવણી કરવામાં આવેલ છે.જેની જાહેર જનતાએ નોંધ લેવી.- સદરહું મિલ્કતના માલીક **મંજુબેન તે મગનભાઈ રામાભાઈ પટેલની દીકરી તે મગનભાઈ ભાણાભાઈ પટેલની પત્નીના ૧/૫** પાંચમા ભાગના પોતાના વણહવેંચાયેલા હિસ્સામાં અમારા અસીલે **નંદલાલભાઈ માધાભાઈ કલસરીયા ઉર્ફે નંદલાલભાઈ કાળાભાઈ પાંડવ** નામના ઈસમ પાસેથી કોઈપણ જાતના લખાણ,વેચાણ,ગીરો,વીલ,બક્ષીસ,સાટાખત કે અન્ય કોઈપણ જાતના નાણાકીય વ્યવહારો કરેલ-કરાવેલ નથી.જેની જાહેર જનતાએ નોંધ લેવી.- સદરહું મિલ્કતના ૭×૧૨,૮-અ ના ઉતારામાં તથા નંબર : ૬ ના હકકપત્રકમાં મિલ્કત ખરીદ વેચાણ અંગેનુ કોઈ ટાઈટલ કલીયર થયેલ નથી.તેથી અજાણ્યા ઈસમોને સદર મિલ્કતના માલીક તરીકેનો હકક પ્રાપ્ત થતો નથી.જેની જાહેર જનતાએ નોંધ લેવી. આથી જાહેર જનતાને તથા લાગતા વળગતાને તમામને જણવવાનુ કે,સદરહું મિલ્કતમાં અમારા અસીલના ૧/૫ પાંચમા ભાગનો લાગભાગ વણવહેંચાયેલો હકક-હિસ્સો ચાલી આવેલો હોય જેથી કોઈપણ વ્યકિતએ અમારા અસીલની સહી-સંમતિ-મંજુરી લીધા વિના તથા અમારા અસીલની જાણ બહાર કોઈપણ વ્યકિતને લખાણ,વેચાણ,કરાર,સાટાખત,ગીરો,બક્ષીસ,વીલ,દસ્તાવેજ કે અન્ય કોઈપણ જાતના નાણાકીય વ્યવહારો કરવા-કરાવવા નહી.તથા સદરહું મિલ્કતમાં ગેરકાયદેસર રીતે કબજો-પ્રવેશ કરવો-કરાવવો નહી.તેમ છતા ઉપરોકત હકીકતથી ઉપરવટ જઈને સદર મિલ્કતમાં કોઈપણ વ્યકિતએ કોઈપણ જાતના લખાણ,વેચાણ,કરાર,સાટાખત,ગીરો,બક્ષીસ,વીલ,દસ્તાવેજ કે અન્ય કોઈપણ જાતના નાણાકીય વ્યવહારો કરશે-કરાવશે તથા સદરહું મિલ્કતમાં ગેરકાયદેસર રીતે કબજો-પ્રવશે કરશે-કરાવશે તો તેઓ સામે ફોજદારી તથા સીવીલ રાહે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : એ/૨ થી ૬,જય જલારામ કોમ્પલેક્ષ
મુ.પો : ઓલપાડ,તા.ઓલપાડ,જી.સુરત
મો.નં: ૯૮૨૫૭ ૧૭૧૩૮,૯૪૨૬૬ ૧૭૧૩૮

મનીષકુમાર આર. પટેલ (એડવોકેટ એન્ડ નોટરી)
રેખા એમ. પટેલ (એડવોકેટ) મો.નં : ૯૭૨૩૨ ૮૧૧૨૧
(મંજુબેન તે મગનભાઈ રામાભાઈ પટેલની દીકરીની સુચના અને ફરમાઈશથી)

વેચાણ અંગેની જાહેર નોટીસ

નીચે જણાવેલ વિગતની તથા વર્ણનવાળી ખેતીની ખેડખાતાની જમીનના શ્રી મુકેશભાઈ ડાહયાભાઈ પટેલ, ઠેકાણું :- નાની ખડકી, ગામ મોજે સદલાવ, તાલુકો અને જીલ્લો : નવસારી, વારસાઈ (નોંધ નં. ૧૯૫૫)થી, બહેનોના હકક કમી (નોંધ નં. ૧૯૯૧)થી, વ્હેંચણ અને કે.જે.પી. (નોંધ નં. ૨૭૪૬, ૨૮૦૭, ૨૮૪૫, ૩૨૨૬ વગેરે) ના આધારે કાયદેસરના માલીક, કબજેદાર, ભોગવટેદાર, વહીવટદાર અને વપરાશદાર બનેલા – ચાલી આવેલા છે. જેઓના નામની તે હેસીયતમાં સદર જમીનના ગામ દફતરે નોંધો પણ થયેલ છે. આવી હકીકતમાં સદર જમીનના મજકુર માલીકે અમારા અસીલને નિયત શરતોને આધીન સદર જમીનના ટાઈટલ સંપુર્ણ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદર જમીનના વેચાણ અંગે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે હરકત હોય તો આ નોટીસ છપાયેથી દિન-૭માં અમારા અસીલ તર્ફે અમને લેખીતમાં ખબર આપવી અને તેવા હકની પુષ્ટિમાં જે કંઈ દસ્તાવેજી પુરાવાઓની નોટરી પબ્લિક પાસે પ્રમાણીત કરેલી નકલો અમારા અસીલ તરફે અમોને મોકલવી. મુદત વિત્યે કોઈનો કોઈ પણ પ્રકારનો વાંધો ચાલશે નહી અને વાંધો કે હરકત કે હકક હોય તો જતો કરેલાનું માનવામાં આવશે. તેવી હકીકતમાં નકકી થયેલ શરતોનું પાલન કરી સદર જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમારા અસીલ કરાવી લેશે અને તેના સ્વતંત્ર અને સંપુર્ણ માલીક પ્રત્યક્ષ કબ્જેદાર બનશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

નવસારી જીલ્લાના નવસારી તાલુકામાં સદલાવ ગામે
આવેલ ખેતીની ખેડખાતાની જમીનની વિગત

બ્લોક નં.	અગાઉનો બ્લોક નં.	સત્તાપ્રકાર	ખાતા નં.	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.	આકાર રૂા.-પૈસા
૧૭૭/૧	૪૩૩	જુની શરત	૮૬૯	૧-૩૧-૩૫	૮-૬૬

ચેતન વી. કાપડીયા (ચલીયાવાલા)
સ્નેહલ આર. પટેલ | રાજન જે. પટેલ | સ્વીટી પી. જરીવાલા
તે ખરીદનારાના એડવોકેટો
ઓફીસ :- ૬૦૩, ટાઈટેનીયમ, ભીમરાડ, સુરત.

જાહેર નોટીસ

મહેરબાન સુરતના પંદરમાં એડીશનલ ડીસ્ટ્રીકટ જડજ સાહેબની કોર્ટમાં,
રૂમ નં. ૨૧૨, બીજો માળ, નવી કોર્ટ બીલ્ડીંગ, અઠવાલાઈન્સ, સુરત

પરચુ. દિ. વાલી અરજી નંબર ૪૨/૨૦૨૬

અરજદારઃ સલમાબીબી તે ઈરફાનખાં કુરેશીની વિધવા, — આંક-૫
જાતના : મુસલમાન, ઉ.આ.વ. ૪૦, ધંધોઃ ઘરકામ,
રહે, મુસ્લિમ ફળીયુ, ચનવાડા, તાલુકા-ડભોઈ,
જી. વડોદરા. — વકીલશ્રી આસીફ જી. અન્સારી

વિરૂધ્ધ

સામાવાળા : કોઈ નહી

આથી આ નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોકત અરજદારે ઉપલા નંબરની વાલી અરજી સગીર સંતાન નામે સગીર ઝુબેરના વાલી નીમવા તથા ડીસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ તાલુકા ઉધના, મોજે ગામ ઉનના રે. સર્વે / બ્લોક નં ૨૨૬/ક વાળી હેકટર -૦-આરે-૯૫-૨૬ ચો.મી. યાને ૯૫૨૬.૦૦ ચો.મી. જમીન બાકી રહેલી જમીન પૈકી સગીરના વણવહેંચાયેલા હકક હિસ્સાવાળી જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની મિલકતમાં આવેલ સગીરનો વણવહેંચાયેલો હિસ્સો વેચાણ કરવાની જરૂરી પરવાનગી મેળવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી વિરૂધ્ધ જે કોઈ ઈસમો ને વાંધો, વિરોધ હોય, તેમણે જાતે અગર તો વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવું. અને જે અંગેની સુનાવણી નામ. કોર્ટમા તા. ૦૨/૦૪/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે રાખવામાં આવેલ છે જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદાર એ માંગ્યા મુજબનું વાલી સર્ટીફીકેટ કાયદા અન્વયે આપવાનો હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો જી.

આજ તારીખ ૨૫મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી/- (એમ.વી ડેરવાળીયા) આસીસ્ટન્ટ
(કોર્ટનો સિક્કો)
મુકાબલ કરનાર સહી/- (પી.યુ.સિંધવ) આસીસ્ટન્ટ
હુકમથી સહી/- (એચ.એન.સુરતી) ડેપ્યુટી રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ,સુરત

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને તથા જાહેર જનતાને સદર જાહેર નોટીસ થકી જણાવવાનું કે **સુરત ડિસ્ટ્રીકટ શહેર સુરતમાં સલાબતપુરા, માલીની વાડી વિસ્તારમાં આવેલ વોર્ડ નં. ૩, નોંધ નં. ૨૮૮૫ સી ૧-૨૨-અ પૈકીથી નોંધાયેલી ન્યુ આડતીયા હાઉસના નામથી ઓળખાતા એપાર્ટમેન્ટમાં આવેલ ફલેટ નં. ૩૦૨ વાળી મિલકત કે જેનો ટેનામેન્ટ નં. ૦૦૩ સી-૧૪-૪૧૦૫-૦-૦૦૧ ચાલી આવેલ છે. જે મિલકતના માલિક જવાહરપ્રસાદ યદુવંશ સાહનાએ ચાલી આવેલા જેઓનું તા. ૨૫/૧૦/૨૦૨૫ ના રોજ જી. રોહતાસ રાજ્ય બિહાર મુકામે અવસાન થયેલ છે. તેઓએ ગુજરતા અગાઉ તા. ૨૭/૦૬/૨૦૨૨ ના રોજ તેઓનું અંતિમ વીલ યાને વસિયતનામું કરેલુ હતું. જેની રૂએ સદર નોટીસમાં જણાવેલ મિલકત તેઓએ અમારા અસીલ નામે અમીતકુમાર મુન્નીલાલ સાહનાઓના નામે સદર વીલ યાને વસિયતનામાના આધારે માલિક હકકે આપેલ છે.** અને ત્યારથી અમારા અસીલ સદર મિલકતના માલિક, મુખ્ત્યાર તેમજ કબજેદાર તરીકે ચાલી આવેલા છે. હાલમાં અમુક ઈસમો દ્વારા તેઓ સદર મિલકતના માલિક હોવાનું જણાવી સદર મિલકત સંબંધિત વેચાણ, બક્ષિસ, ગીરો તેમજ ભાડે આપવા માટેના પ્રયોજનો કરતા હોવાનું તેમજ તેવી તજવીજ કરતા હોવાનું અમારા અસીલની જાણમાં આવેલ છે. જેથી સદર નોટીસ થકી સૂચિત કરવાનું કે સદરહુ મિલકત તેઓ કનેથી કોઈપણ વ્યકિત, ઈસમો કે સંસ્થાએ ખરીદ કે અન્ય કોઈપણ જાતના વ્યવહારો કરવા કરાવવા નહીં. કારણ કે સદરહુ મિલકત હમારા અસીલ પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ છે. જેથી મારા અસીલની સહી, સંમતિ વિના તેઓ સાથે કોઈપણ જાતના વ્યવહારો કરનાર વ્યકિત, ઈસમો કે સંસ્થાને તર તકરાર સિવાય કાંઈ પ્રાપ્ત થશે નહીં. અને તેવા વ્યવહારો કરનાર તમામ વ્યકિત, સંસ્થા કે ઈસમ વિરૂદ્ધ અમારા અસીલ દિવાની તથા ફોજદારી રાહે કાયદેસરના તમામ પગલાં ભરશે. જેની આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા. ૦૧/૦૩/૨૦૨૬

મારી સૂચનાથી : अमित कुमार

મારી મારફત
વિસ્મય એચ. મોદી એડવોકેટ એન્ડ નોટરી
ઓફિસ : ૮૦૭, તક્ષશિલા એપાર્ટમેન્ટ, સ્વામીનારાયણ કોમ્પલેક્ષની પાછળ,
મજુરાગેટ, સુરત. (મો.) ૯૮૨૫૯ ૬૭૦૦૨

ટાઈટલ કલીયરન્સ બાબત વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ રજીસ્ટ્રેશન સબ ડિસ્ટ્રીકટ હાલ અડાજણ તાલુકા શહેર સુરતના **મોજે ગામ ઈચ્છાપોરના રેવન્યુ સર્વે નં. ૧૯૭/પી, ૧૯૮ થી ૨૦૬, ૨૦૮, ૨૦૯ પૈકી, ૨૧૩/૨ પૈકી, ૨૧૪, ૨૧૫ પૈકી, ૨૧૬ પૈકી, ૨૧૭ થી ૨૩૭, ૨૩૮ પૈકી, ૨૩૯ થી ૨૪૯, ૨૫૦+૨૫૮, ૨૫૧ થી ૨૫૪, ૨૫૫ પૈકી, ૨૫૭ પૈકી, ૨૫૯ પૈકી, ૩૧૭ પૈકી, ૩૧૮ પૈકી, ૩૧૯ પૈકી, ૩૨૦ પૈકી, ૩૨૧ થી ૩૨૯, ૩૩૧ પૈકી, ૩૩૩ પૈકી, ૩૩૪ પૈકી, ૩૩૫ પૈકી, ૩૩૬ પૈકી, ૩૩૭ થી ૩૪૪, ૩૪૫+૩૪૬+૩૪૭, ૩૪૮ થી ૩૫૭, ૩૫૮+૩૫૯, ૩૬૦, ૩૬૧, ૩૬૨+૩૬૩ પૈકી, ૩૬૪+૩૬૫ પૈકી, ૩૬૬ પૈકી, ૩૬૭ પૈકીમાં ઈચ્છાપોર ઈન્ડ.એરીયામાં આવેલ પ્લોટ નં. એક્ષ ૩એ (X3A) થી ઓળખાતી જમીન કે જેનું ક્ષેત્રફળ ૭,૩૮,૭૯૭ ચો.મી. તથા સર્વે નં.૨૭૨/પી, ૨૮૩/પી, ૩૦૦/પી, ૩૦૨, ૩૦૩/પી, ૩૦૪/પી, ૩૦૫/પી, ૩૦૬, ૩૦૭/પી માં આવેલ પ્લોટ નં.એક્ષ-૨(X-2) થી ઓળખાતી જમીન તથા સર્વે નં. ૩૦૧, ૩૦૫/પી, ૩૦૮, ૩૦૯, ૩૧૦/પી, ૩૧૧, ૩૨૦/૧/પી, ૩૨૦/૨+૩પી માં આવેલ પ્લોટ નં.એક્ષ-૨એ (X-2A) થી ઓળખાતી જમીન તથા સર્વે નં.૨૦૯/પી, ૨૧૧, ૨૧૨, ૨૧૩/પી, ૨૧૫/પી, ૨૧૬/પી, ૩૬૨+૩૬૩/પી, ૩૬૪+૩૬૫/પી, ૩૬૬/પી, ૩૬૭/પી, ૩૬૮, ૩૬૯, ૩૭૦, ૩૭૧, ૩૭૨/પી, ૩૭૩, ૩૭૪, ૩૭૫, ૩૭૬, ૩૭૭/પી, ૩૭૮, ૩૮૪/પી, ૩૮૫, ૩૮૭+૩૮૮+૩૯૨+૩૯૩, ૩૮૯, ૩૯૦, ૩૯૧, ૨૧૦/પી, ૯૫૮ માં આવેલ પ્લોટ નં. એક્ષ-૩ (X-3) થી ઓળખાતી જમીન કે જેનું ક્ષેત્રફળ ૨,૩૦,૯૭૦ ચો.મી.વાળી જમીન ઉપર આવેલ ''ઈચ્છાપોર ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ''માં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. આઈ-૨૦ (I-20)** જેનું ક્ષેત્રફળ ૫૦૨.૩૨ ચો.વાર યાને ૪૨૦.૦૦ ચો.મી. છે. જેનું બાંધકામનું બિલ્ટઅપ ક્ષેત્રફળ ૬૫૮.૨૨ ચો.મી. છે તે જમીન અમલા ઈમારત સહિતની બાંધકામવાળી મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની મિલકત તથા તેમાં આવેલ ફર્નિચર, ફિકચર્સ તથા ઈલેકટ્રીક કનેકશનના તમામ હક્કો સહિતની મિલકતના સંપુર્ણ માલિક, મુખત્યાર, કબજેદાર **M/S.SAVANI BROTHERS એક ભાગીદારી પેઢી વતી અને તર્ફે તેના ભાગીદારો (૧) શ્રી મથુરભાઈ માધાભાઈ સવાણી, (૨) શ્રી બાબુભાઈ માધાભાઈ સવાણી (૩) શ્રી પ્રવિણભાઈ માધવજીભાઈ સવાણી** હોવાનું જણાવી તથા મિલકતના ટાઈટલ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તે મુજબનો વેચાણ દસ્તાવેજ હમારા અસીલ ટુંક સમયમાં કરાવી લેનાર છે. જેથી સદરહુ મિલકત અંગે જે કોઈ શખ્સ, ઈસમ કે કોઈ વ્યક્તિના કોઈના કોઈપણ જાતના લાગભાગ, દર-દાવા, હક્ક, હિત, હિસ્સો, લીયન કે બેંક કે બેંકિંગ જેવી સંસ્થાની લોન, કરજ, બોજો હોય તો તેઓએ દિન : ૭ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં હમોને જાણ કરવી. મુદત વિત્યાબાદ કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી હમારા અસીલ વેચાણનો પાકો દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ તરતકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જયેશ આર. દાણેચા તે ખરીદનારના એડવોકેટ
મો.નં. ૯૮૨૫૪ ૯૬૯૦૧
-:: ઓફિસ ::-
વેસુ : ૨૦૭, બીજેમાળ, અવધ એરેના, શ્રી ખાટુ શ્યામ મંદિર પાસે, VIP રોડ, વેસુ, સુરત.
સીટી : ૧૦/૭૯૩,ઓફિસ નં.૨, રામેશ્વર એપાર્ટમેન્ટ, રતન શંકર માસ્તરની શેરી, અંબાજી રોડ, સુરત.

બ્લોક નં.૫૮, મોજે : ખજોદ, તા. મજુરા, જીલ્લો : સુરતમાં આવેલ જમીન બાબતે તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ આપેલી જાહેર નોટીસ તથા ચેતવણીનો જાહેર જવાબ

તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજના દૈનિક વર્તમાનપત્ર ગુજરાતમિત્રના પાના નં.૨ ઉપર **(૧) શ્રી કમલેશભાઈ નરેન્દ્રપ્રસાદ તથા (૨) શ્રી વસંતભાઈ નાનાભાઈના એડવોકેટ તરીકે એડવોકેટશ્રી સુરેશ સાડકવાલા તથા કશ્યપ એસ. સાડકવાલા સાહેબોએ** સુરત જીલ્લાના મજુરા તાલુકાના ગામ મોજે ખજોદના સર્વે નં. ૪૪, બ્લોક નં. ૫૮ વાળી સુમારે ૨-૦૪-૩૭ હે.આરે.ચો.મી.વાળી તથા આકાર રૂા. ૨૨-૮૧ પૈસાવાળી બીનખેતી પ્રીમીયમપાત્ર જમીન બાબતે છપાવેલ જાહેર નોટીસ તથા ચેતવણી તદન ખોટી, ગેરકાયદેસરની, ગળેપડું અને પાયા વગરની છે. સદર જમીન અમારા અસીલ **યશવંતભાઈ ડાહયાભાઈ પટેલ, ઠે. પારસી મહોલ્લો, ગામ મોજે ખજોદ, તાલુકો મજુરા, જીલ્લો સુરતનાની** કાયદેસરની માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટા અને વહીવટ વપરાશની ચાલી આવેલ છે. વધુમાં, મજકુર જાહેર નોટીસમાં છપાવનારા વસંતભાઈ નાનાભાઈ તથા કમલેશભાઈ નરેન્દ્રપ્રસાદ સહિતના શખ્સો કે જેના-તેના અગ્રહકકધારી નાનાભાઈ ઠાકોરદાસ તથા નરેન્દ્રપ્રસાદ ચુનીલાલ ખેડુત ન્હોતા નથી અને સદર જમીન ખેતીની જમીન તરીકે નોંધાયેલી ચાલી આવેલી છે અને તેવા સંજોગોમાં મજકુર જાહેર નોટીસ છપાવનારા કે તેમના અગ્રહકકધારીને સદર જમીનમાં કાયદેસર રીતે કોઈ હકક કે અધિકાર પહોંચતો પણ નથી અને મજકુર શખ્સો કે તેમના અગ્રહકધારીની તરફેણમાં કોઈ તબદીલી નથી. ઉલ્ટાનું, તેવી બાબત કાયદાથી પ્રતિબંધિત છે, મુળથી જ નિરર્થક, વ્યર્થ છે, ગણોતધારાનો હેતુ નાશ કરનારો છે અને તેથી જ જાહેર નોટીસ છપાવનારા મજકુર શખ્સોએ જાણીજોઈને ઈરાદાપુર્વક સદર જમીન પરત્વેના પોતાના કહેવાતી માલીકી તથા કહેવાતા કબજા ભોગવટા સંબંધે જાણી-જોઈને ઈરાદાપુર્વક કોઈ કથનો કરેલા નથી. જે મજકુર નોટીસનું ગેરકાયદેસરપણું ઉજાગર કરે છે. ખરી હકીકતમાં અને કાયદા મુજબ બક્ષિસ દસ્તાવેજ રજીસ્ટર્ડ હોવાની, પુરતી સ્ટેમ્પ ડયુટી ઉપર હોવાની, સાક્ષીઓની હાજરીમાં થયેલો હોવાની વગેરે બાબતો ફરજીયાત છે. આવી કોઈપણ બાબત સદર જમીન બાબતે ન્હોતી અને નથી. **એટલું જ નહી પરંતુ, તેને લગત તા.૨૮/૦૬/૧૯૮૪ની શરતી પરવાનગી જોવામાં આવે તો તે પણ ખોટી અને ગેરકાયદેસરની, દુષિત હકીકતોને આધીન છે, અન્યથા પણ સદર પરવાનગી આપોઆપ રદ થઈ ગયેલી છે અને મજકુર શખ્સો કે તેમના અગ્રહકધારીમાં કોઈ અધિકારો ઉભા થયાં જ નથી અને રેવેન્યુ અધિકારીઓના મેળાપીપણામાં રદ થયા બાદ પણ નામો દાખલ થયેલ છે, જે સમગ્ર કાર્યવાહી કાયદામાં દુષિત છે.** હરકોઈ હકીકતમાં સદર જમીન કાયદેસર રીતે મણીબેન તે ગોસાંઈભાઈ દેવાભાઈ પટેલની વિધવામાં સ્થાપિત થયેલ અને ત્યારબાદ મણીબેનનું તા.૨૦/૦૭/૨૦૦૯ના રોજ અવસાન થતાં તેણીએ તા.૨૩/૧૨/૨૦૦૮ના રોજના તેણીના આખરી વીલ યાને વસીયતનામા મુજબ અમારા અસીલને સદર જમીનનો સ્વતંત્ર અને સંપુર્ણ માલીક અને પ્રત્યક્ષ કબજેદાર બનાવેલ છે. આટલુ ઓછું હોય તેમ, મહેરબાન કલેકટરશ્રીએ આર.ટી.એસ. રીવીઝન અરજી નં. ૭૫/૨૦૦૭ ના કામે સદર જમીન સરકાર હસ્તક દાખલ કરવાનો હુકમ કરેલ છે. જેની ઉપર મહેસુલ વિભાગ અગ્રસચિવના જે પ્રકરણો થયેલા, તેમાં મજકુર જાહેર નોટીસ છપાવનારાઓ સહિતનાઓની ફેરતપાસ અરજી નામંજુર થયેલ છે. જે વિરૂધ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં SCA No. 13775/2013 તથા SCA No. 13767/2013 નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડતર છે. હરકોઈ હકીકતમાં સદર જમીનનો પ્રત્યક્ષ કબજો કયારેય પણ મજકુર જાહેર નોટીસ છપાવનારા કે તેમના અગ્રહકકધારીનો ન્હોતી અને આજે પણ નથી. વધુમાં સદર જમીન અમારા અસીલ યશવંતભાઈ ડાહયાભાઈ પટેલે કાયદેસર રીતે પોતાના સ્થાપિત હકકોમાં આગળ વધી સદર જમીન ડેવલોપ કરી વાડી કરેલ છે, કમ્પાઉન્ડ વોલ છે અને તે તમામની પહેલેથી મજકુર જાહેર નોટીસ છપાવનારાઓને જાણ તથા માહિતી ચાલી આવેલ છે. તાજેતરમાં તા.૦૫/૦૨/૨૦૨૬ના રોજ કમલેશભાઈ નાનાભાઈ તથા અન્ય એક શખ્સ અને એક મહીલા સાથે સ્થળ ઉપર આવેલા અને ત્યારે પણ અમારા અસીલ સહિતનાએ તેમને સ્થળ ઉપર દાખલ થવા દીધેલ નહી અને ત્યારબાદ તેઓ જતાં રહેલા, જે હકીકત પણ છુપાવેલ છે. કાયદાકીય પ્રક્રિયા મુજબ, મજકુર શખ્સોનો, માનવા ખાતર કોઈ અધિકાર ગણવામાં આવે, તો તે પણ નષ્ટ થઈ ચુકેલ છે અને તેની મજકુર શખ્સોને પણ માહિતી છે અને તેથી જ ધમકીના ભાગરૂપે દિવાની તથા ફોજદારી પ્રકરણોમાં સંડોવાવું પડશે, એવી ફકત અને ફકત ધમકી આપેલ છે, જે તદન બિનમતલબી છે. મજકુર શખ્સો પાતે જાણે છે કે તેઓ કોઈપણ રીતે દિવાની કે ફોજદારી કાર્યવાહી કરવાના નથી અને બિનખેડુત હોવાના કારણે તેમાં ફાવવાના પણ નથી. જેથી નાહકની ધમકી આપી રહયા છે. આવા સંજોગોમાં મજકુર જાહેર નોટીસ છપાવનારા સહિતનાને દાવાવાળી જમીનમાં કયારેય કોઈ હકક કે અધિકાર ન્હોતા અને નથી. આમ છતાં, દેખાવ ખાતર અને વાસ્તવિક નથી, તેવી પરિસ્થિતીનો મનઘડંત ગેરલાભ ખાટવા અમારા અસીલના હકકોમાં હરકત, અંતરાય અને વિક્ષેપ કરવા માંગે છે, જે કાયદેસર નથી અને તેવી નોટીસથી કોઈએ કોઈપણ રીતે ભરમાવવું નહી અને સદર જમીન પરત્વે અમારા અસીલના સ્થાપિત હકકોમાં તેઓ હસ્તક્ષેપ કરવા કયારેય હકકદાર ન્હોતા અને નથી. જેની હરકોઈએ નોંધ લેવી.

તા. ૦૧-૦૩-૨૦૨૬.
ઠે.:- ૬૦૩, ટાઈટાનિયમ,
ભીમરાડ, સુરત.

ચેતન વી. કાપડીયા
તે યશવંતભાઈ ડાહયાભાઈ પટેલના એડવોકેટ

મોજે ગવિયર(બિનખેતી)ના સીટી સર્વે નં.એનએ.૨૮૨-૨/અ/૧ પૈકીવાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ કમ જાહેર ચેતવણી

ડી. સુરત, તા. મજુરા, જુના સર્વે નંબર- ૨૮૨/૨ પૈકી, હાલ બિનખેતીની પરવાનગી બાદ વોર્ડ - ગવિયર(બિનખેતી) સીટી સર્વે નં. એન.એ.૨૮૨-૨/અ/૧ વાળી ૮૬૫૬ ચો.મી. ક્ષેત્રફળવાળી જમીન, જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૩૨ (ગવિયર-વાંટા-ડુમસ) હેઠળ આવેલ મુળ ખંડ ૧૨૬/૧ થી ઓળખાતી જમીન જેના બદલામાં ફાયનલ પ્લોટ નં. ૧૨૬/૧ તરીકે ૫૬૨૬ સમ ચો.મી. એલોટ થયેલ જમીન મુજબ કબજા અનુસાર ફેરફાર થયેલ જમીન, જેનો પ્લોટ વેલીડેશન મુજબ ફાયનલ પ્લોટની જમીન પૈકી દક્ષિણ તરફની ૩૭૬૨.૫૪ સમ ચો.મી. બિનખેતીની જમીન અસ્મિતાબેન ધર્મેશભાઈ નાવડીયા તથા ઝીલ કૃશીલ નાવડીયાએ તેમના અગ્રહકકધારી મિનાક્ષીબેન ઉર્ફે મીનાબેન નરેશભાઈ શાહ પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ હોવાનું જણાવી વેચાણ અંગેની જાહેર નોટીસ એડવોકેટશ્રી હિતેશ લાયવાલા મારફતે તા. ૧૫/૨/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર દૈનિકમાં આપેલ નોટીસમાં જણાવેલ વિગતો ખોટી, કાયદા વિરૂધ્ધની છે. હમારા અસીલોના અગ્રહકકધારી પરભુભાઈ લાલાભાઈએ સદરહુ જમીન રજી. વેચાણ દસ્તાવેજથી તા. ૧૯/૨/૧૯૫૧ ના રોજ કેશવભાઈ ગોપાળભાઈ પાસેથી ખરીદ કરેલ. જે વેચાણ અંગેની નોંધ રે.રેકર્ડમાં નોંધ નં. ૧૮૪ થી તા. ૧૫/૩/૧૯૫૧ ના રોજ પડેલી. તે રીતે પરભુભાઈ લાલાભાઈ સદરહુ જમીનના માલીક, કબજેદાર થયેલા અને ચાલી આવેલા.

પરભુભાઈ લાલાભાઈ તા. ૧૨/૬/૧૯૮૦ ના રોજ બિનવસીયતે ગુજરી જતાં તેમના કાયદેસરના વારસદાર તરીકે ગોવિંદભાઈ પરભુભાઈ, દયાળભાઈ પરભુભાઈ, મોહનભાઈ પરભુભાઈ, લક્ષ્મીબેન પરભુભાઈ, જમનાબેન પરભુભાઈ, રણજીતભાઈ પરભુભાઈ અને રમણબેન પરભુભાઈનાઓ ચાલી આવેલ છે.

હિન્દુ વારસા ધારા અન્વયે સદરહુ મીલકતમાં હમારા અસીલો રણજીતભાઈ પરભુભાઈ, દયાળભાઈ પરભુભાઈની શાખા અને મોહનભાઈ પરભુભાઈની શાખાના સભ્યોનો કાયદેસરનો વણવહેંચાયેલ હકક, હિત, હિસ્સો સહમાલિક તરીકે ચાલી આવેલ છે. પરભુભાઈ લાલાભાઈના વારસદારો વચ્ચે સદરહુ મીલકત અંગે કોઈપણ વખત વહેંચણ કે સમજુતિ થયેલ નથી. તે સંજોગોમાં હમારા અસીલોની સહમાલીકીની મીલકત તેઓની સહી, સંમતિ વિના તબદીલ થઇ શકતી નથી.

પરભુભાઈ લાલાભાઈના વારસદાર મોટા પુત્ર તરીકે રેવન્યુ રેકર્ડમાં ફકત ગોવિંદભાઈ પરભુભાઈનું નામ ખોટી રીતે દાખલ થયેલ. ગોવિંદભાઈ પરભુભાઈના ખોટા કૃત્યોથી હમારા અસીલોના સહમાલીકી હકકો નષ્ટ થતા નથી અને ખરીદનારને ગોવિંદભાઈ પરભુભાઈના હિસ્સાના માલીકી હકકોથી વધુ કોઈ માલીકી હકકો મળી શકતા નથી. જેથી મિનાક્ષીબેન ઉર્ફે મીનાબેન નરેશભાઈ શાહને આખી જમીનના માલીકી હકકો મળેલ નથી. હમારા અસીલના સદરહુ મીલકતમાં સહમાલીકી હકકો કાયદા અન્વયે સ્થાપિત થયેલા છે જે આજદિન સુધી કોઈને કોઈપણ રીતે રજીસ્ટર્ડ લેખ યા અન્યથા ટ્રાન્સફર કે એસાઈન થયેલ નથી. જે આજે પણ અકબંધ છે. હમારા અસીલના હકકો સહિતના સદરહુ મીલકતના થયેલ વેચાણ દસ્તાવેજો મુળથી જ ખોટા, સત્તા વિનાના, વગર હકુમતના, નિરર્થક, વોઈડ એબ ઈનીશ્યો, નલીટી હતા અને છે. જે હમારા અસીલોના હકકોને અસરકર્તા ન હતા અને નથી.

પરભુભાઈ લાલાભાઈના વારસદાર તરીકે લક્ષ્મીબેન અને જમનાબેને નામદાર સીવીલ કોર્ટમાં સ્પે.દિ.મુકદ્દમો નંબર- ૨૩૭/૨૦૨૫ નો વહેંચણ, જાહેરાત તેમજ દસ્તાવેજ રદ કરાવવા સહિતની દાદો માંગતો દાવો કરેલ છે જે હાલ પેન્ડીંગ છે. હમારા અસીલો ફોજદારી તથા સીવીલ રાહે પોતાની સહમાલીકીની મીલકતના હકક-હિસ્સા માટે અને નલીટી લેખો અનુસંધાને જરૂરી કાયદાકિય પગલાં લેનાર છે જેને વિધાઉટ પ્રેજયુડીસ આ જાહેર નોટીસનો જાહેર જવાબ કમ જાહેર ચેતવણી પ્રપોઝડ ખરીદનારાઓ તથા હરકોઈ ખોટી રીતે ફસાઈ નહીં જાય તેથી આપેલ છે.

આથી આ જાહેર નોટીસનો જવાબ કમ જાહેર ચેતવણીથી જણાવવાનું કે, કોઈએ સદર મીલકત તબદીલી અંગેના કોઈ વ્યવહાર, નાણાંકિય વ્યવહાર કરવા-કરાવવા નહીં. હમારા અસીલોના હકકો અકબંધ હતા અને છે. વ્યવહાર કરનારને કોઈ માલીકી હકક, હિત, અધિકાર પ્રાપ્ત થશે નહીં અને તકરાર સિવાય કશું મળશે નહીં તથા કોર્ટ કાર્યવાઈમાં સંડોવાવું પડશે તેની સર્વેએ નોંધ લેશો.

રહે.: બી/૫૦૨, શાંતીદિપ રેસીડેન્સી,
સૌરભ પોલીસ ચોકીની પાછળ, પાલ રોડ,
અડાજણ, સુરત મો.નં.૯૮૭૯૪૧૬૦૦૬

જશવંત એમ. પટેલ
તે રણજીતભાઈ પરભુભાઈ વિગેરેના
એડવોકેટ